અન્યાય અને બૂરાઇનો વિરોધ કરો, પછી ભલે ને તેના પર કાયદાની મ્હોર લાગી હોય
- થોરો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૫ | ૨૫ ઓગષ્ટ ૨૦૧૨, શનિવાર, અધિક ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે માણસામાં ગરીબ કલ્યાણ મેળો

## ૩ હજાર લાભાર્થીઓને રૂ. ૮ કરોડની સહાય અપાશે, આવાસ યોજના અને મફત પ્લોટના લાભાર્થીઓની હાજરી વધારવા તંત્રના પ્રયાસો, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બાયસેગની મદદથી સંબોધશે

ગાંધીનગર, તા. ૨૪

આજે ગાંધીનગર જિલ્લામાં કલોલ પ્રાંતમાં આવતા માણસા અને કલોલ તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો માણસા ગાયત્રી મંદિરના પરિસર ખાતે યોજાશે.

આ મેળામાં રાજયમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, સમાજ કલ્યાણ બોર્ડના હેમલતાબેન બારોટ, ખાદી બોર્ડના વાડીભાઈ પટેલ તથા ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર ઉપસ્થિત રહેનાર છે.

આ મેળામાં આ બે તાલુકાના ત્રણ હજારથી પણ વધુ લાભાર્થીઓને જુદી જુદી યોજના અંતર્ગત સહાયનું વિતરણ કરવામાં આવનાર છે. આ પછી મહેમાનો જિલ્લાના તાલુકાઓમાં વણથંભી વિકાસ યાત્રાના કાર્યક્રમમાં ભાગ લેવા જશે.

આ ત્રિદિવસીય કાર્યક્રમ દરમિયાન જિલ્લાની ૫૦ જેટલી તાલુકા પંચાયતની સીટોને આવરી લેવામાં આવી છે. જિલ્લામાં બે તબક્કે આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં કલોલ અને માણસા તાલુકાને આવરી લેવામાં આવ્યા છે.

પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિની ઉજવણીને ધ્યાને રાખી વિકાસ યાત્રા દરમિયાન પંચાયતના પૂર્વ પદાધિકારીઓનું સન્માન પણ કરવામાં આવી રહ્યું છે.

માણસા ખાતેના ગરીબ કલ્યાણ મેળાને સફળ બનાવવા માટે આજે જિલ્લાના અધિકારીઓએ માણસા ખાતે જ કેમ્પ કર્યો હતો. સવારના સમયે યોજાયેલ આ મેળામાં સવારે ૧૦ વાગે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી બાયસેગની મદદથી લાભાર્થીઓને સંબોધન કરનાર છે.


આ મેળામાં ૩૦થી વધુ યોજનાઓના લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે અને આ ૩ હજાર લાભાર્થીઓને રૂ. ૮ કરોડ જેટલી સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવનાર છે.

મળતી વિગતો મુજબ આ મેળામાં આવાસ યોજનાના લાભાર્થીઓ ખાસ ઉપસ્થિત રહે અને તેના પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. સરકાર દ્વારા આ વખતે મફત પ્લોટના લાભાર્થીઓને પણ શોધી અને હાજર રાખવા તેમજ તેમને પ્લોટનું વિતરણ કરવા પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય શિક્ષણ તેમજ ઉદ્યોગ વિભાગની સ્વરોજગારની યોજનાના લાભાર્થીઓને પણ આ મેળામાં આવરી લેવામાં આવ્યા છે.

(તસવીર : દિપક જાની)





જે નગરમાંથી પોલીસના આધુનિકરણના હુકમો થાય છે. એ ગાંધીનગરના સેક્ટર-૨૪ની પોલીસ ચોકીની દશા અને દિશા આ તસવીર બતાવે છે... વર્ષોથી બંધ અવાવર કોઈ ધણી-ધોણી વિનાની પોલીસ ચોકીની દશા દયાજનક છે.... એક તરફ ગાંધીનગરમાં નવા મકાનો બંધાય છે, નવી કચેરીઓ નિર્માણ થાય છે. પરંતુ જુના મકાનો કે કચેરીઓ અંગે કંઈ વિચારાતું જ નથી... સેક્ટર-૨૪, ૨૫ અને ૨૬ એ નગરનો મધ્યમવર્ગીય સમાજ જ્યાં મોટી સંખ્યામાં વસે છે ત્યાં પોલીસ ચોકીની તાતી જરૂર છે. એ સંજોગોમાં આ બંધ ચોકીનું અવાવર મકાન ઘણા બધા પ્રશ્નો તંત્રને પૂછે છે...

# ઘાસચારા વાવેતરના પ્રોત્સાહન માટે જિલ્લાને ૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ઘાસચારાના વાવેતરને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે રૂ. ૩ કરોડની રકમ ફાળવી જિલ્લા તંત્રને હવાલે મુકી છે.

રાજયમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી સ્થિતિમાં પશુધનને બચાવવા માટે ઘાસચારાના વાવેતરને પ્રોત્સાહન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. રાજય સરકાર દ્વારા આ યોજના અંગેના નિયમો તૈયાર કરવામાં આવી રહ્યા છે અને તે આગામી એકાદ બે દિવસમાં જ જારી કરી દેવાશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના રાજય સરકારે દુષ્કાળની સ્થિતિ અંગે જાહેરાત કરી ત્યારે સમાવેશ થતો હતો હવે જિલ્લાના ચારેય તાલુકામાં છ ઈંચ કરતાં વધુ વરસાદ થઈ જતાં ચારેય તાલુકાઓ અછતની સ્થિતિમાંથી બહાર આવી ગયા છે.

વરસાદ ખેંચાતા સરકારે આકસ્મિક પાક આયોજન પણ અમલી બનાવ્યું હતું. જેમાં ટુંકા સમયગાળા દરમિયાન તૈયાર થતા ઘાસચારાના વાવેતરનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં મુખ્ય પાક કપાસ ઉપરાંત ઘાસચારાનું વાવેતર પણ વધારે થયું છે જે ઉલ્લેખનીય છે. આ ઉપરાંત દિવેલાનું વાવેતર પણ સારું એવું થયું છે. જિલ્લામાં સરેરાશ થતા ઘાસચારાના વાવેતર કરતાં દસ હજાર હેકટર વિસ્તારમાં ઘાસચારાનું વધારે વાવેતર અત્યાર સુધીમાં થયાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.





સુઝુકી મોટર કોર્પોરેશનના સીઈઓ અને ચેરમેન ઓસામુ સુઝુકી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળવા માટે પાટનગર પહોંચ્યા હતા.

# ગુજરાતના ૫૦૦ યુવા ઈજનેરોને જાપાનમાં તાલીમ

## સુઝુકી મોટરના ચેરમેનની નરેન્દ્ર મોદી સાથે વાતચીત : સુઝુકી ઓટો કાર પ્રોજેક્ટ સ્થાપવા હાલ રાજ્ય સરકારના મળી રહેલા સહયોગથી જાપાન પ્રતિનિધીમંડળ પ્રભાવિત

ગાંધીનગર, તા. ૨૪

વિશ્વની મહાકાય કંપની સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેન અને સીઈઓ ઓસામુ સુઝુકી આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ઓસામુ મારૂતિ સુઝુકીના સુચિત પ્લાન્ટના હેતુસર ગુજરાત આવ્યા છે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધીમંડળ પણ આવ્યુંછે. મોદી સાથે ઘણા વિષય પર આ પ્રતિનિધીમંડળે વાતચીત કરી હતી.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આજે જાપાનની વિશ્વવિખ્યાત સુઝૂકી મોટર કોર્પોરેશનના ચેરમેન શ્રીયુત ઓસામુ સૂઝુકીના નેતૃત્વમાં આવેલા ૧૫ સભ્યોના કંપની ડેલીગેશને સૌજન્ય મુલાકાત લીધી હતી. અને ઉત્તર ગુજરાતમાં બહુચરાજી નજીક સુઝુકી ઓટો કાર મેન્યુફેક્ચરીંગ પ્રોજેક્ટ સ્થાપવા અંગે રાજય સરકારના મળી રહેલા સહયોગ અંગે આભાર પ્રદર્શિત કર્યો હતો. શ્રીયુત ઓ. સુઝુકીએ તેમના બહુચરાજી પ્રોજેક્ટને ભારતમાં સુઝુકી કાર મેન્યુફેક્ચરીંગ પ્રોજેક્ટના બીજા વિસ્તરણ પ્રોજેક્ટ તરીકે સ્થાપવા અને રાજય સરકારની નીતિઓને સુસંગત રહીને માળખાકીય સુવિધા વિકાસને વિશ્વકક્ષાનો ઓપ આપવા ગુજરાત સરકારની સહયોગીતા અને પ્રતિબદ્ધતાને આવકારી હતી. સુઝુકી મોટર કોર્પોરેશન ગુજરાતના ૫૦૦ યુવા ઈજનેરોને સુઝુકી પ્લાન્ટમાં જાપાન ખાતે ઓટોમોબાઈલ્સ એન્જિનિયરીંગની તાલીમ માટે વ્યવસ્થા કરશે અને ગુજરાતમાં ઓટોમોબાઈલ્સ એન્જિનિયરિંગ કોલેજ ઈન્સ્ટીટ્યુટ પણ સ્થાપવાની નેમ ધરાવે છે. મુખ્યમંત્રીએ સુઝુકી મોટર પ્લાન્ટના બહુચરાજી ખાતેના વિસ્તરણ પ્રોજેક્ટમાં જાપાનીઝ વેન્ડર્સ ઝોન અને વિશ્વકક્ષાના આંતરમાળખાકીય સુવિધા વિકાસનું મોડેલ ઉભું કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી ઓસામુ સુઝુકી અન તેમના ડેલીગેશન સાથે ગુજરાત સરકારની ઉચ્ચ સત્તાવાળી સચિવશ્રીઓની સમિતિ બહુચરાજી સુઝુકી પ્રોજેક્ટના અમલીકરણ અંગેના વિવિધ પાસાંઓની ચર્ચા કરશે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

# કર્મચારી મહારેલીને સચિવાલય ફેડરેશને ટેકો જાહેર કર્યો

## સરકારના ઉદાસીન વલણની આકરી ટીકા કરતા પટેલ અને સેવક

ગાંધીનગર, તા. ૨૪

કર્મચારી સંકલન સમિતિએ રવિવારે આપેલ મહારેલીના એલાનને સચિવાલય ફેડરેશને સમર્થન જાહેર કર્યું છે અને રેલીમાં સક્રિય પણે ભાગ લેવાની જાહેરાત કરી છે. ફેડરેશને માસ સીએલમાં પણ જોડાવાની ફરજ પડશે તેમ જણાવ્યું છે.

કર્મચારી સંકલન સમિતિએ ૨૭મીએ માસ સી.એલ.નું પણ એલાન જારી કર્યું હોવાથી આગામી બે દિવસ દરમિયાન સરકાર કોઈ મહત્વના પગલાંની જાહેરાત કરી કર્મચારીઓને મનાવી લેવાનો પ્રયાસ કરશે તેમ મનાઈ રહ્યું છે.

કર્મચારી સંકલન સમિતિએ ૨૬મીએ આપેલ મહારેલી ઈન્કમટેક્ષ સર્કલી શરૂ થનાર છે અને તે સ્ટેડિયમ થઈ વિજય ચાર રસ્તા ખાતે જનાર છે.

સચિવાલય ફેડરેશને આજે રાજયના મુખ્યમંત્રીશ્રી મોદીને એક પત્ર લખી સરકારના કર્મચારી વિરોધી વલણની આકરી ટીકા કરી અને આ મહારેલીને સમર્થન જાહેર કર્યું છે. આ ઉપરાંત ૨૭મીના માસ સી.એલ.ના કાર્યક્રમમાં પણ સક્રિયપણે તમામ કર્મચારીઓને સામેલ થવા માટેના આદેશો કર્યા છે.

ફેડરેશનના પ્રમુખશ્રી મનુભાઈ પટેલ અને મહામંત્રીશ્રી યોગેન સેવકે મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં સરકાર સમક્ષ કરાયેલી રજુઆતો પછી પણ જે ઉદાસીન વલણ અપનાવવામાં આવ્યું છે તેને દુઃખદ લેખાવ્યું છે.





ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહીના બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસે મહાકવિ નર્મદની જન્મ જયંતી નિમિત્તે મા ગુર્જરીનું નવું સ્તુતિ ગીત-થીમ સોંગ રિલીઝ કર્યું છે. મા ગુર્જરીનો હાથની સીડી લોન્ચ કરાઈ હતી. આ પ્રસંગે ડાબેથી ક્રમશઃ સિદ્ધાર્થ પટેલ, અર્જુન મોઢવાડિયા, શંકરસિંહ વાઘેલા અને શક્તિસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપના કેન્દ્રીય નેતાઓએ પહેલાં મોદીનું રાજીનામું માગવું જોઇએ

## કેગ અંગે સંસદમાં વડાપ્રધાનનું રાજીનામું મંગાય છે પણ ગુજરાતમાં શું ચાલે છે : કેશુભાઇનો સવાલ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૨૪

ભારતમાં જો કેગનો રિપોર્ટ બ્રહ્મવાક્ય ગણવામાં આવતો હોય તો દેશના વડાપ્રધાન ડો. મનમોહન સિંહ પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજીનામું આપી દેવું જોઈએ, કારણ કે ગુજરાતમાં પણ સરકારી વિભાગોના ભ્રષ્ટાચારના આંકડા બહાર આવ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ કેશુભાઈ પટેલે તેમના બ્લોગ ઉપર લખ્યું છે કે ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) ના અહેવાલમાં કોલસાની ખાણોના લાયસન્સીંગમાં ગેરરીતિઓ થઈ હોવાનું બહાર આવ્યું છે. દિલ્હીમાં હાલ સંસદ ચાલુ છે ત્યારે કેન્દ્રીય સરકારે આ મુદ્દે સંસદમાં ચર્ચા કરવાનું કહ્યું છે પરંતુ ભાજપ વડાપ્રધાનના રાજીનામાના મુદ્દે અડગ છે.

કેશુભાઈએ એવો સવાલ કર્યો હતો કે ગુજરાતમાં વિપક્ષોની માગણી છતાં કેગના રિપોર્ટની વિધાનસભામાં ચર્ચા થતી નથી. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૪૪૦૦૦ કરોડના કૌભાંડો થયાં છે. કેગના રિપોર્ટમાં આ બાબત બહાર આવી છે. કેગ તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે અમને સરકારે બધાં ડોક્યુમેન્ટ તપાસવા આપ્યા નથી. કેગ જો બધાં વિકાસ તપાસે તો ગુજરાતમાં પણ ભ્રષ્ટાચારનો આંકડો વધી શકે છે.

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુજરાતમાં કેગને મહત્વ આપવામાં આવતું નથી. એટલું જ નહીં, ભ્રષ્ટાચારની તપાસ કરતી સંસ્થા લોકાયુક્તમાં લોકાયુક્તની નિયુક્તિ પણ થઈ શકતી નથી. છેલ્લે ૨૦૦૩ પછી ગુજરાતમાં લોકાયુક્તનું પદ ખાલી છે જેથી ભ્રષ્ટાચાર બહાર આવતો નથી. રાજ્ય સરકારે કંઈક છૂપાવવા માટે લોકાયુક્તના મામલે સુપ્રિમ કોર્ટમાં જવાનું નક્કી કર્યુંછે. કેશુભાઈએ કહ્યું કે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ વડાપ્રધાનનું રાજીનામું માગતાં પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું રાજીનામું માગી લેવું જોઈએ. ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસ અને ભાજપના બેવડાં ધોરણો છે. ગુજરાતમાં પણ કેગના રિપોર્ટ અંગે વિધાનસભામાં ચર્ચા થતી નથી કે અલગ સત્ર પણ બોલાવવામાં આવતું નથી.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

દિવાલ કબાટ (ફ્રેમ સ્પેશ્યાલીસ્ટ)


પેથાપુર ચાર રસ્તા, વિજય હોટલની નીચે, મહુડી રોડ
H.O.-શક્તિ કોમ્પલેક્ષ, ઓમ પીટીસી કોલેજની સામે, મોટા ચિલોડા

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

